# યોગ અને પ્રાણાયામના પ્રયોગથી સ્ફૂર્તિલા સમાજનું સર્જન થાય છે

## એંશીમાં વર્ષે અડિખમ સતત ૨૨ વર્ષથી અખંડિત યોગસાધનાની સેવા કરતાં યોગાચાર્ય સત્યપ્રકાશ સૂરીનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

'યોગ ભગાડે રોગ' મંત્રને આત્મસાત કરી નાદુરસ્તીથી હતાશ-નિરાશ હજારો લોકોને વિના મૂલ્યે સેવા આપી, એમના જીવનમાં ઉત્સાહનો સંચાર કરનારાં સત્યપ્રકાશ સૂરીને સન્માનવાનો એક સમારોહ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ હાલમાં લાગણીથી તરબતર



માહોલમાં થઈ ગયો.

મહર્ષિ પતંજલિ યોગ સાધના ટ્રસ્ટ અને અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ના ઉપક્રમે આ સમારોહ યોજાયો. યોગાચાર્ય સૂરી ૧૯૯૩માં નિવૃત્ત થયા અને એ દિવસથી રોજ સવારે પાંચને પચ્ચીસે, ઢાડ-તડકો-વરસાદ કે અંગત કોઈપણ કારણ વિના સળંગ ૨૨ વર્ષથી અખંડિત યોગ શિખવવા અરવિંદ કેન્દ્ર સે. ૨૩ ખાતે હાજર થઈ જાય છે. અને એમના આ સેવાના યજ્ઞમાં લાગણીની આહૂતિ દ્વારા ઋણ સ્વિકાર કરવાનો આ કાર્યક્રમ ડૉ. દિનેશસિંહ ચાવડાની આગેવાની હેઠળ યોજાયો.



અરવિંદ કેન્દ્રના યોગ સાધકો દ્વારા આયોજીત આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના જયશ્રી ખેતિયા અને ઉમાબા સોલંકી દ્વારા કરાઈ. દિપ પ્રાગટ્ય કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, પોતાની સેવાભાવી ઈમેજથી પ્રસિદ્ધ ડૉ. કનુભાઈ કલસરીયા, ડૉ. સી. કે. તન્ના, સી.કે. કાશી, જયપ્રકાશ પટેલ અને ડૉ. દિનેશસિંહ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું. ડૉ. દિનેશસિંહ ચાવડાએ સ્વાગત પ્રવચન કર્યું જેમાં કૃષ્ણકાન્ત જ્હાને ગાંધીનગરનો ધબકાર અને ધરતીપૂત્ર ડૉ. કનુભાઈ કલસરીયાની હાજરીને કાર્યક્રમને પોંખવાનો રૂડો અવસર ગણાવ્યો.

યોગાચાર્ય સૂરીને ગુલાબના હારથી સન્માનવામાં આવ્યા ત્યારે સમગ્ર હોલમાં સૌએ ઉભા થઈ એમને તાળીઓના ગડગડાટથી નવાજ્યા. ડૉ. જયેશ તન્નાએ સન્માન પત્રનું વાંચન કરી એમની સેવાકીય પ્રવૃત્તિ અને યોગથી લાભાન્વીત લોકોની વાત કરી.

કૃષ્ણકાન્ત જ્હાએ સત્યપ્રકાશજીને હરતું ફરતું મંદિર અને માત્ર સ્વસ્થતાની વાત નહી પણ કાર્ય કરીને બતાવ્યાની કદર કરી. પ્રાણાયામથી નવા આયામ તરફ પ્રગતિ કરતાં સૂરીની જન્મ શતાબ્દી વર્ષ ૨૦ વર્ષ બાદ સૌ સાથે ઉજવીએ એવી શુભેચ્છાઓ પાઠવી હતી. યોગાચાર્ય સૂરીને શાલ અને સન્માનપત્ર આપીને સન્માનવામાં આવ્યા.

ડૉ. કનુભાઈ કલસરીયાએ રાસાયણીક ખાતર અને એલોપથીની દવા સિવાય જીવો એવું પોતે સર્જન હોવા છતાં કીધુ. કિસાનો માટે લડત ચલાવતા ડૉ. કલસરીયાના શબ્દો સીધા જ હૃદયથી નીકળી સૌને હૃદયસ્થ થતા હતા.

આ કાર્યક્રમમાં યોગથી મહાન વ્યાધીને ટક્કર આપી ફરી સ્વસ્થ જિંદગી જીવતાં લોકોએ એમના પોતાના અનુભવવો વર્ણવી યોગની ઉપયોગીતા સાબીત કરી હતી. યોગાચાર્ય સૂરી અત્યંત લાગણીશીલ બની ગયા હતા. તેઓ દરેક સેક્ટરે યોગ કેન્દ્ર બને એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમને બાંધી રાખવા જયશ્રી ખેતિયાએ સુંદર સંચાલન કર્યું હતું. જ્યારે એમને પડછાયાની જેમ ઉમાબા સોલંકીએ સાથ આપ્યો. જીવનની નાની મોટી બિમારી ભગાવવા એંશીમાં વર્ષે અડિખમ યોગની સેવા કરતાં યોગાચાર્ય સત્યપ્રકાશ સૂરીને મળવા જેવું છે.

# ગાંધીનગરના પડતર પ્રશ્નોની શહેર જાગૃત પરિષદે ચર્ચા કરી

## ૨જી માર્ચના રોજ સંસ્થાની સામાન્ય સભા યોજાઈ : ધોરણ-૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા યોજાઈ હતી. સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ સભામાં નગરને સળગતા પ્રશ્નોથી છુટકારો અપાવવાની ચર્ચા કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે. ૨જી માર્ચના રોજ સંસ્થાની સામાન્ય સભા યોજવામાં આવી હતી. નગરને સ્પર્શતા અને નગરને કદરૂપુ બનાવતા પ્રશ્નોની ચર્ચા કરી નિવારણ લાવવા માટેના ઉપાયોની વાત કરવામાં આવી હતી.

ગાંધીનગર પાટનગર હોવાથી લોકોની અવર જવર ખૂબ રહે છે. ત્યારે અનેક લોકો ખરીદવા કે નાસ્તો કરી પ્લાસ્ટીક કચરો ફેલાવતા હોય છે. પાટનગરને પ્લાસ્ટીક વપરાશમાંથી મુકત કરી કપડાની થેલીઓનું વિતરણ અને પ્લાસ્ટીક મુકત કરવા માટે આહવાન કર્યું હતું.

આધાર કાર્ડને સરકાર દ્વારા દરેક આઈ.ડી. પ્રુફ માટે માન્યતા આપવામાં આવી છે. આધાર કાર્ડ માટે નગરજનો લાંબી લાંબી કતારોમાં જોવા મળતા હોય છે. આધારકાર્ડની મુશ્કેલી નિવારવા સંસ્થા આગામી સમયમાં તંત્રને પત્ર લખી વધુ કેમ્પ યોજવા માટે જણાવશે.

મહાનગર પાલિકાએ સફાઈવેરામાં નગરજનોની કમર તોડી નાખી છે. ત્રણ ત્રણ ગણો વધારો કરી આર્થિક રીતે નાગરિકોને પુરા કરવાની સોગઠી ગોઠવાઈ હોય તેવું લાગી રહ્યું છે ત્યારે સંસ્થાએ વેરાને લઈને મેયરને આવેદનપત્ર આપવામાં આવ્યું તેનું વાંચન કર્યું હતું.

તેમજ સિનિયર અને સુપર સિનિયર નગરજનો માટે વિવિધ રાહતો આપવા સહિતની માહિતી આપવામાં આવી હતી. સંસ્થાની આગામી સમયમાં ચૂંટણી યોજવામાં આવનાર છે ત્યારે ચૂંટણી લક્ષી ચર્ચા કરવામાં આવી હતી.




રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા રવિવારે સેકટર-૨૨ ખાતે ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૫ જેટલા નગરજનોએ આ સેવાનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચિલોડા સર્કલ પાસે વિદેશી દારૂ ભરેલી બોલેરો જીપ ઝડપાઈ

## પોલીસે રૂ. ૩.૮૪ લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના ચિલોડા સર્કલ પાસેથી ચિલોડા પોલીસે નાકાબંધી દરમિયાન બોલરો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે એક આરોપીની ધરપકડ કરી કુલ રૂ. ૩.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી છે

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા હિંમતનગર માર્ગ પર ચિલોડા સર્કલ પાસે ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ નાકાબંધીમાં હતા. દરમિયાન સર્કલ પાસેથી જીજે-૫-સીએફ ૬૬૮૪નં ની બોલેરો જીપને રોકી તેમાં તપાસ કરતા જુદી જુદી માર્કા વાળી કુલ રૂ. ૮૬,૪૦૦ની કિંમતની ૨૪૦ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે જીપ ચાલક રજનેશ રામલાલ સાલ્વી (ઉ.વ.૨૫), (રહે. કારછા તા.ખેરવાડા, ઉદેપુર રાજસ્થાન)ની ધરપકડ કરી હતી અને કુલ રૂ. ૩,૮૬,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચિલોડા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# દેશના નાણાને વિદેશમાં ઠલવાતું રોકવા એલ.આઈ.સી. યુનિયનની હડતાલ

## સે. ૧૧ જીવનપ્રકાશ બિલ્ડીંગ ખાતે વર્ગ-૩,૪ના કર્મચારીઓ હડતાલ પાડશે : વીમા બિલ પાસ થવાથી વિદેશી કંપનીઓ ૪૯ ટકા રોકાણ કરશે

ગાંધીનગર, તા. ૮

કેન્દ્ર સરકાર દ્વારા વીમા સુધારા વિધેયકને લોકસભામાં બહુમતીના જોરે પસાર કરી દીધુ છે. તેના વિરોધમાં એલ.આઈ.સી. એમ્પ્લોઈઝ યુનિયન વર્ગ-૩ અને ૪ ગાંધીનગર ડીવીઝન આજે હડતાલ પાડશે.

ભારતીય વીના બજારમાં વિદેશી કંપનીઓના ૪૯ ટકા રોકાણ અંગેનું વીમા બિલ ૨૦૦૮ની સાલથી પેડીંગ હતુ. જે એન.ડી.એ. સરકાર દ્વારા બહુમતીના જોરે ચોથી માર્ચના રોજ પસાર કરવામાં આવ્યું છે. સરકારના પગલાને વિપક્ષોએ વખોડી નાંખી અયોગ્ય ઠેરવ્યુ છે.

હાલમાં ભારત દેશમાં વિદેશી કંપનીઓનો ૨૬ ટકા હિસ્સો છે. જ્યારે વીમા બીલમાં ૪૯ ટકા નિવેશ હિસ્સો આપવામાં આવ્યો છે. ત્યારે ભારતનું નાણુ વિદેશમાં ઠલવાઈ જશે. વિદેશી કંપનીઓ ભારતમાં નિવેશ કરી થોડા સમયમાં બંધ થઈ જાય છે.

આજે ગાંધીનગર સેક્ટર-૧૧ સ્થિત જીવન પ્રકાશ બિલ્ડીંગ ખાતે એલ.આી.સી. એમ્બ્લોઈઝ યુનિયન વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ હડતાલ પાડશે. હડતાલમાં વીમા બિલ પાછુ ખેંચવા એન.ડી.એ. સરકાર સામે સુત્રોચ્ચાર કરવામાં આવશે.

# શહેરમાં સ્કૂટર ચોરીના બનાવો વધ્યા એક દિવસમાં બે સ્કૂટરની ચોરી

## પથિકાશ્રમ ડેપો અને જૂના સચિવાલય પાર્કિંગમાંથી સ્કૂટરની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના ભરચક એવા પથિકાશ્રમ ડેપો અને જૂના સચિવાલય વાહન પાર્કિંગમાંથી એક જ દિવસમાં બે સ્કૂટર ચોરી થવાના બનાવો બન્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી ચોરીની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૩માં રહેતા નરેન્દ્રભાઈ મૂળજીભાઈ પરમાર પોતાના ઘરેથી પોતાની માલિકીનું સ્કૂટર નં. જીજે-૧૮-સી-૯૦૦૬ લઈ પોતાના કામ અર્થે પથિકાશ્રમ ડેપોમાં ગયા હતા અને પથિકાશ્રમના ડેપોમાં પાર્કિંગમાં પોતાનુ સ્કૂટર પાર્ક કરી ગયા હતા. થોડા સમય બાદ સ્કૂટર પાસે આવતા પાર્ક કરેલ સ્કૂટર નજરે ન પડતા આસપાસ શોધખોળ હાથ ધરીહતી. પરંતુ આખરે સ્કૂટર ન મળતા તેમણે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં સ્કૂટરની ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી, જ્યારે અન્ય એક કિસ્સામાં જૂના સચિવાલયમાં આવેલ વાહન પાર્કિંગમાં પાર્ક કરેલ રમેશ હરિભાઈ ઠક્કરના માલિકીનું જીજે-૧૮-૪૩૯૧નું સ્કૂટર ચોરાઈ ગયુંહતું. આ બન્ને ચોરીના બનાવમાં સે. ૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર બ્રાન્ચ દ્વારા સ્વાઈન ફલુનાં રોગ સામે રક્ષણ મેળવવા સેકટર-૩૦ ગુરૂદ્વારા ખાતે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શીખ સમુદાયનાં સભ્યો તેમજ સ્થાનિક નાગરિકોએ લાભ લીધો હતો. રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચના હોદ્દેદારો સર્વશ્રી મેહુલ શાસ્ત્રી, જીલુભા ધાંધલ, જીજ્ઞેશ રાવલ અને હોટલ પ્રેસીડેન્ટનાં હરેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધોળેશ્વર રોડ પરની સોસાયટીઓને ગટર જોડાણ આપવા માંગણી

## પાંચ વર્ષ અગાઉ નાણાં ભર્યા હોવા છતાં અને મુખ્ય ગટર લાઈન તૈયાર હોવા છતાં જોડાણથી વંચિત : વારંવાર ખાળકુવા ઉભરાવાથી રોગચાળો ફેલાવાનો ભય

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ગુડા વિસ્તાર ધોળેશ્વર મહાદેવ રોડ પર આવેલ સોસાયટીઓના ગટર કનેકશન મુખ્ય લાઈન સાથે જોડવામાં આવ્યા ન હોવાથી વારંવાર ખાળકુવા ઉભરાવાના બનાવોથી રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. ખાળકુવા ઉભરાવાના લીધે આ વિસ્તારના રહીશોમાં રોગચાળો ફેલાવાનો પણ ભય પેદા થયો છે. આ બાબતે આ વિસ્તારના રહીશો દ્વારા સત્વરે મુખ્ય ગટર લાઈન સાથે જોડાણ કરી આપવા મુખ્યમંત્રી સમક્ષ ધા નાંખવામાં આવી છે.

કોબા રોડ પર આવેલ સ્વામિનારાયણ ધામ પાછળ ધોળેશ્વર મહાદેવ રોડ વિસ્તારની સોસાયટીઓ દ્વારા પાંચ વર્ષ અગાઉ ગુડામાં બીયુ પરમીશન અરજી સાથે ગટર જોડાણ માટેના નાણાં ભરી દેવામાં આવ્યા છે છતાં હજુ સુધી આ સોસાયટીને મુખ્ય ગટર લાઈન તૈયાર હોવા છતાં જોડાણ કરી આપવામાં આવ્યું નથી. આ કારણે આ રહીશોને ખાળકુવાનો ઉપયોગ કરવો પડે છે જે વારંવાર ઉભરાઈ જવાના કારણે તેને ઉલેચવાની સમસ્યા પેદા થાય છે.જયારે ખાળકૂવો ભરાઈ જાય ત્યારે તેમાંથી તીવ્ર દુર્ગંધ મારતી હોય છે. તેમજ તેની સફાઈ કાર્ય દરમિયાન રોગજન્ય જીવાણુઓ ફેલાવાનો ભય રહેલો છે. આ રહીશો દ્વારા ગુડા અને શહેરી વિકાસમંત્રી સહિત રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સમક્ષ સત્વરે ગટર જોડાણ માટે વિનંતી કરવામાં આવી છે.

આ ઉપરાંત આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અનેક થાંભલા પડી ગયા હોવાથી રાત્રિના સમયે મહિલાઓ સહિત તમામ રહીશો માટે જોખમરૂપ બની રહ્યું છે. જેનો સત્વરે ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.




### અમદાવાદ જિલ્લામાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વાનનો શુભારંભ

વિશ્વ મહિલા દિન ૮મી માર્ચ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનના રાજય વ્યાપી વિસ્તરણના ભાગરૂપે આજે અમદાવાદ જિલ્લામાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વાનને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કલેકટર કચેરી અમદાવાદ ખાતે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વાન પ્રસ્થાનના કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રીએ હેલ્પલાઈન વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જિલ્લાની સન્નારીઓને સ્ત્રી સન્માન માટે મહિલા હેલ્પલાઈન અંગે જનજાગૃતિ ફેલાવવા આહ્વાન કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૫
સૂર્યાસ્ત : ૬.૪૭

### તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

**સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

હે... બ્રો : ૧૧.૩૦, ૨.૦૦ ૪.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

બદમાશીયાં : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

વાવ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૨ :**

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૭.૦૦

**: સ્ક્રીન-૩ :**

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૦૦

કિંગ્સમન : સિક્રેટ સર્વિસ (ઇંગ્લીશ) : ૭.૧૫

**સ્ક્રીન-૪ :**

અબ તક છપ્પર-૨ : ૫.૩૦, ૭.૪૫

દમ લગાકે હેઈસા : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

હે... બ્રો : ૧૨.૩૦, ૫.૩૦

બદમાશીયાં : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૨.૪૫

### આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. જાજુબેન કરમીજી ભીલ (ઉ.વ.૮૦) સેકટર-૨૮, આદિવાડા, ગાંધીનગર
- સ્વ. કમળાબેન જયંતિલાલ ચૌધરી (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૧૦૭૧/૧, સેકટર-૪એ, ગાંધીનગર
- સ્વ. પિયુષભાઈ તુલસીદાસ રાજદીપ (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૬૮૫, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર